# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૧/ક્વા-૧/૨૦૧૯-૨૦/૪૫૩૫–૭** **તા.૦૫–૦૭–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૧/ક્વા-૧/૨૦૧૯-૨૦

અરજદાર: **ધનાભાઈ રણમલભાઈ સોલંકી** ગામ: લાખાપરા
રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **વેરાવળ**
રજૂઆત કરનાર: **જે. જે. કાચા**– નાયબ ઈજનેર શ્રી (ટેક) - વિભાગીય કચેરી – **વેરાવળ**

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી
૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: ૨૮-૦૬-૨૦૧૯ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૮-૦૬-૨૦૧૯ (શુક્રવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ધનાભાઈ રણમલભાઈ સોલંકી, ગામ: લાખાપરા તેઓની અરજી ના નોંધણી નંબર :૪૧/ક્વા–૧/૨૦૧૯–૨૦ મા જણાવે છે કે, તેઓ ગ્રાહક નં.–૮૧૩૨૬/૦૦૧૧૬/૭ થી ધરાવે છે. પીજીવીસીએલ ની સબંધક કચેરીમાથી એલ.ઈ.ડી. બલ્બ ખરીદેલ ન હોવા છતા – છેલ્લા ૦૪ થી ૦૫ બીલમાં ચડીને આવે છે. જે બાબતે, તેઓએ તા.૦૮–૦૧–૧૯ થી સબંધક પેટા વિભાગીય કચેરી માં અરજી કરેલ હોવા છતા – આજદિન સુધી રીફંડ આપવાની કાર્યવાહી કરાયેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર દ્વારા લૅમ્પ ખરીદેલ ના હોય અને તેમની રકમ આપના બિલમાં ઉધારેલ હોય તેવી રજૂઆત મુજબ તે રકમ અંગેની તપાસ કરી તે રકમ અરજદારના ગ્રાહક ન.૮૧૩૨૬૦૦૧૧૬૭ ખાતે જમા તા ૧૨.૦૬.૨૦૧૯ ના જમા આપેલ છે. જે અંગે ની જાણકારી અરજદાર ને તા.૨૦–૦૬–૧૯ ના લેખીતપત્ર થી અપાયેલ છે. અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ગ્રાહક નં. – ૮૧૩૨૬/૦૦૧૧૬/૭ થી ઘરવપરાશ વીજજોડાણ ધરાવે છે. અરજદાર ની ફરીયાદ મુજબ તેઓએ કોઈપણ એલ.ઈ.ડી. – ઉજાલા બલ્બ ખરીદેલ ન હોવા છતા, તેઓના વીજબીલ માહે જુલાઈ–ઓગષ્ટ– ૧૮, માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૮, અને માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૮ તેમજ માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૯, માહે માર્ચ–એપ્રીલ– ૧૯ માં – જે તે રકમ ચડત આવેલા છે.

૪.૨ ઉપરોકત ફરીયાદ બાબતે – પીજીવીસીએલ દ્વારા રેકર્ડ આધારીત – મુદદા નં. ૨.૦ તથા ૪.૧ મુજબ ની વિગતે– પીજીવીસીએલ ની રજુઆત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – ઉજાલા બલ્બ ની રકમ અરજદાર ને ગ્રાહક નં. – ૮૧૩૨૬/૦૦૧૧૬/૭ માં રૂ.૧,૭૯૦/૦૨ જમા અપાયેલ છે. તેમજ, અરજદાર નેઉજાલા બલ્બ ની એરીયર્સ ના ડિલે પેમેન્ટ ચાર્જ રૂ.૩૩/૫૧ પણ જમા અપાયેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

૪.૩ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯